# હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની નાણાં સમિતિની **સત્તરમી બેઠક** તાઃ ૨૧/૦૯/૨૦૧૯ ના રોજ બપોરે ૧૫:૩૦ કલાકે રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર ખાતે **માન. કુલપતિશ્રીના** અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધઃ

તાઃ ૨૧/૦૯/૨૦૧૯ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | ડૉ. સી.જે. ડાંગરીઆ | અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી | હાજર |
| (૨) | શ્રી નિતીનભાઈ ભાવસાર | નાયબ સચિવશ્રી, (કૃષિ યુનિવર્સિટીઓ) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | હાજર |
| (૩) | શ્રી પી.વી.સગર | નાણાં સલાહકાર( નાણાં વિભાગ) ,ગાંધીનગરના પ્રતિનિધિ | હાજર |
| (૪) | ખાલી | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય | – |
| (૫) | ડૉ. બી. એન. પટેલ | સભ્યશ્રી અને ડીન અસ્પી બાગાયત કોલેજ | હાજર |
| (૬) | ડૉ. વી.એ. સોલંકી | સભ્યશ્રી અને કુલસચિવશ્રી | હાજર |
| (૭) | ડૉ. એસ.આર.ચૌધરી | આમંત્રિત સભ્યશ્રી અને સંશોધન નિયામક | – |
| (૮) | શ્રી ડી.ટી.ચૌધરી | સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક | હાજર |

આમંત્રિત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા, જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની સત્તરમી બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૧૭.૦૧ તા. ૧૫/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ સોળમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે તાઃ ૧૫/૦૯/૨૦૧૮ ના રોજ યુનિવર્સિટી ભવન, ન.કૃ.યુ.,નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની સોળમી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૧૬.૦૧ થી ૧૬.૦૫ સુધીની વંચાણે લેવામાં આવી, અને જે સર્વાનુંમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૧૭.૦૨ તા. ૧૫/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે નાણાં સમિતિની તા. ૧૫/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ સોળમી બેઠકમાં મુદ્દા નં. ૧૬.૦૧ થી ૧૬.૦૫ સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૧૭.૦૩ સને ૨૦૧૮–૧૯ નો વાર્ષિક હિસાબ મંજુર કરવા બાબત..**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના સને ૨૦૧૮–૧૯ (તા.૦૧.૦૪.૨૦૧૮ થી તા. ૩૧.૦૩.૨૦૧૯ ) ના વાર્ષિક હિસાબને નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૧૭.૦૪ સને ૨૦૧૯–૨૦ ના વિકાસ ખર્ચ અને સ્થાયી ખર્ચ યોજનાઓની અંદાજપત્રની મંજુર જોગવાઈ નાણાં વિભાગ તરફથી મંજુર થયેલ છે, જે વંચાણે લઈ અંદાજોની મર્યાદામાં સને ૨૦૧૯–૨૦ ના વર્ષ માટે ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.**

"નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના **સને ૨૦૧૯–૨૦** ના વર્ષની વિકાસ ખર્ચ અને સ્થાયી ખર્ચ યોજનાઓની અંદાજપત્રની મંજુર જોગવાઈ **રૂ. ૮૮૬૫.૨૭ (લાખ)** અને સ્થાયી ખર્ચ યોજનાઓનો અંદાજ **રૂ. ૫૯૦૦.૫૦ (લાખ)** એમ બંને મળી કુલ અંદાજ **રૂા. ૧૪૭૬૫.૭૭ (લાખ)** નાણાં વિભાગ દ્વારા મંજુર કરેલ છે, જેને સ્વીકારવામાં આવે છે અને મંજુર જોગવાઈની મર્યાદામાં નાણાંકિય **વર્ષ ૨૦૧૯–૨૦** માં ખર્ચ કરવા અનુમતિ આપી, નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૧૭.૦૫ નાણાંકિય વર્ષ ૨૦૨૦–૨૧ ના સ્થાયી ખર્ચનું સુચિત અંદાજપત્રીય જોગવાઈ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું **સને ૨૦૨૦–૨૧** ના વર્ષનું સ્થાયી ખર્ચ (Standing Charges) યોજનાઓનો કુલ અંદાજ **રૂા. ૯૪૮૧.૩૯ (લાખ)** પૈકી યુનિવર્સિટીની સૂચિત આવક **રૂા. ૨૯૬.૩૧ (લાખ)** બાદ કરી નેટ અંદાજ **રૂા. ૯૧૮૫.૦૮ (લાખ)** નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૧૭.૦૬ નાણાંકિય વર્ષ ૨૦૨૦–૨૧ ની વિકાસ ખર્ચની ચાલુ યોજનાઓની સુચિત અંદાજપત્રીય જોગવાઈ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની વિકાસ ખર્ચ (પ્લાન) ની ચાલુ યોજનાઓ માટે નાણાંકિય વર્ષ ૨૦૨૦–૨૧ માટે રૂા. ૧૦૩૭૦.૪૬ લાખની સુચિત અંદાજપત્રીય જોગવાઈને (સામેલ પત્રક ૯.૩.૧ મુજબ) નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૧૭.૦૭ નાણાંકિય વર્ષ ૨૦૧૯–૨૦ (વિકાસ ખર્ચ) ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઈ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની વિકાસ ખર્ચ (પ્લાન) ની ચાલુ યોજનાઓ માટે નાણાંકિય વર્ષ ૨૦૧૯–૨૦ માટે કુલ રૂા. ૯૬૫૮.૦૦ લાખની સુધારેલ અંદાજપત્રીય જોગવાઈને (સામેલ પત્રક ૯.૨.૧ મુજબ) નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલ:– સંશોધન નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**સભ્યસચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં નકૃયુ/હિનિ/પી.એ./૫૪૧૨-૧૭/૧૯ તા. ૨૪.૦૯.૨૦૧૯ ૨૫

(૧) શ્રી નિતીનભાઈ ભાવસાર, સચિવશ્રી(કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,ગાંધીનગર
(૨) શ્રી એચ. એફ. ગંધર્વ, નાણાં સલાહકાર, (નાણાં વિભાગ) સચિવાલય, ગાંધીનગર
(૩) ડાં. બી.એન.પટેલ, સભ્યશ્રી અને ડીન,અસ્પી બાગાયત કોલેજ,નકૃયુ,નવસારી
(૪) ડાં. વી.એ. સોલંકી, સભ્યશ્રી અને કુલસચિવ,નકૃયુ,નવસારી
(૫) ડાં. એસ. આર. ચૌધરી, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક,નકૃયુ,નવસારી
(૬) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ,નવસારી